*ક્રિ.કેસ નં.૬૧૬૨૬/૨૧*

## *આંક –૧ લગત હુકમ*

*સદરહું કામે તપાસ કરનાર અમલદારે હાલના આરોપી સામે ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૧ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.*

*મજકુર કેસની હકીકત જોતા હાલના આરોપીએ જી.પી.એકટ કલમ ૫૬/૫૭ અંતગર્ત પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદનાએ કરેલ હુકમનો ભંગ કરી અને હથીયાર પોતાની પાસે રાખી જી.પી.એકટની કલમ:૧૩૧ મુજબનો ગુનો કરેલ હોઈ સંબધિત પો.સ્ટે એફ.આઈ.આર દાખલ કરી તપાસતા અને ચાર્જશીટ અત્રેની અદાલતમાં મજકુર નંબર થી રજુ કરેલ છે.*

*ઉપરોકત હકીકતે અત્રેની અદલતમાં ચાર્જશીટ રજુ થતાં મારા પુરોગામી વિ.ન્યાયાધિશશ્રી ધ્વારા સીઆરપીસી કલમ ૧૯૦ (૧) (ખ) અંતગર્ત કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.પંરતુ સદરહુ કેસનુ બારીકાઈથી નિરીક્ષણ કરતાં આરોપી સામે જયાંરે જી.પી.એકટની કલમ:૧૩૧ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ, સદરહુ ગુનો કોગ્નીજેબલ છે કે નોન કોગ્નીજેબલ તે હકીકત મહત્વની બની જાય છે ? અને આ બાબતે ગુજરાત પોલીસ એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં કલમ ૬૨માં આ પ્રકારના કીસ્સાઓ બાબતેની કાર્યવાહી ની જોગવાઈઓ કરવામાં આવેલ છે ? કલમ ૧૧૦,૧૧૭,૧૨૫,૧૩૦ અને ૧૩૧ની સબ કલમ (૧) (૪) અથવા (૫) અને કલમ ૧૩૫ની કલમ (૧) અને કલમ ૩૯ અને ૪૦ના ઓર્ડરના ભંગના બદલના ગુના સબબ કોઈપણ આરોપીની વગર વોરંટે ધરપકડ કરી શકાશે.*

*આથી ઉપરોકત તમામ જોગવાઈઓ જોતા બી.પી.અકેટની કલમ ૭૨ જોતાં બી.પી.એકટ કલમ ૫૬, ૫૭ , ૩૭(૧), ૫૭ (એ) ના હુકમના ભંગ બદલ કોઈ આરોપી મળી આવેતો માત્ર વગર વોરંટે ધરપકડ કરી શકવાના અધિકાર કાયદાએ આપેલા છે? આ સિવાય અન્ય કોઈ જોગવાઈ કોગ્નીજેબલ કે નોનકોગ્નીજેબલ માટે દર્શાવેલ નથી.*

*હવે જયાંરે ગુજરાત પોલીસ એકટમાં,જી.પી.એકટની કલમ:૧૩૧ કોગ્નીજેબલ કે નોન કોગ્નીજેબલ છે, તે બાબતે સાયલન્ટ હોય ત્યાંરે કાયદાના પ્રસ્થાપીત સિંધ્ધાતો એટલે કે સીઆરપીસી કલમ ૪(૨)ની જોગવાઈ જોતા સીઆરપીસીની જોગવાઈઓ લાગુ પાડી શકાય અને સીઆરપીસીમાં કોગનીજેબલ અને નોન કોગ્નીજેબલ ગુનાની વ્યાખ્યા આપેલ છે, તે જોતાં આઈપીસીના ગુનાઓ બાબતે અનુસુચી ૧ પાર્ટ–૧માં જોગવાઈઓ કરેલ છે, જયાંરે આઈપીસી સિવાયના અન્ય કાયદાઓના ગુના સબબ સીઆરપીસી અનુસુચી ૧ પાર્ટ–૨ માં જોગવાઈ કરેલ છે તે મુજબ જે ગુનાની સજા ત્રણ વર્ષ કરતા ઓછી અથવા દંડ અથવા બંને હોય તો તેવા ગુનાઓનો સમાવેશ નોન કોગ્નીજેબલ ગુનાઓમાં કરવામાં આવેલ છે.*

*હવે જી.પી.એકટની કલમ:૧૩૧ ગુનાની સજા જોઈએ તો મહતમ સજા બે વર્ષ સુધીની છે, અને ઉપર ચર્ચા કર્યા મુજબ જયાંરે જીપીએકટ માં સદર ગુનો કોગ્નીજેબલ હોવા બાબતનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં સીઆરપીસીની કલમ ૪(૨) ની જોગવાઈઓ ધ્યાને લેતાં સીઆરપીસીની જોગવાઈઓ લાગુ પાડી શાય તેમ હોય ને તેથી સીઆરપીસી શીડયુલ ૧ પાર્ટ ૨ ની જોગવાઈઓ ધ્યાને લેતા અને જી.પી.એકટની કલમ:૧૩૧ ના ગુનાની મહતમ સજાને ધ્યાને લેતાં સદર ગુનો નોન કોગ્નીજેબલ ગુનો ગણી શકાય.*

હવે જીપીએકટની કલમ ૭૨(૨) કે જેમાં જી.પી.એકટની કલમઃ૧૩૧ ના ગુના બાબતેની કાર્યવાહીનો ઉલ્લેખ કરેલ છે, અને તેજ રીતે જીપીએકટની કલમ ૭૯, ૮૦માં જીપીએકટના બીજા ગુનાની કાર્યવાહી દર્શાવેલ છે, અને બંનેની કાર્યવાહી એકસરખી છે,બંને જોગવાઈઓમાં માત્ર પોલીસને વગર વોરંટે ધરપકડ કરવાના પાવર્સ આપેલા છે, અને તે હકીકતને ટાંકીને નામદાર વડી અદાલતે ક્રીમી.મી.એ.નં. ૧૫૨૨૬/૦૭ કે જે વાઘરી જયોત્સના બેન ગોવીંદભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, માત્ર વગર વોરંટ ધરપકડ કરવાના અધિકારથીજ ગુનો કોગ્નીજેબલ બની જતો નથી , અને તેથી તપાસ કરનાર અમલદાર સીઆરપીસીની કલમ ૧૫૫ (૨)ની પરવાનગી સિવાય આવા ગુનામાં તપાસ કરી શકે નહી અને આવો કોઈ કીસ્સો બને તો પ્રથમ સીઆરપીસીની કલમ ૨(ડી) મુજબની ફરીયાદ દાખલ કરી કોર્ટ પાસેથી પરવાનગી મેળવ્યા બાદજ આગળની તપાસ કરી શકાય અને દેખીતી રીતે જે જયાંરે સીઆરપીસીની કલમ ૧૫૫(૨)ની જોગવાઈઓનો ભંગ થયેલ હોય ત્યારે સમગ્ર ટ્રાયલ દુષિત ગણાય.

વળી, જીપી.એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં માત્રને માત્ર કલમ ૯૦ એ, ૧૧૮ અને ૧૪૩ બી ને કોઝનીજેબલ ઓફેન્સ તરીકે સ્પેશીફીકલી દર્શાવેલ છે, તે હકીકતને પણ ધ્યાને લેતાં લેજીસલેચરનો ઈરાદો સ્પષ્ટ થાય છે કે તે સિવાયના જીપી.એકટ મુજબના ગુના કોગ્નીજેબલ ગણી શકાય નહી અને જયાંરે સ્પેશિયલ એકટમાં સીધીજ જોગવાઈઓ કરેલ હોય ત્યાંરે તે ધ્યાને લઈ શકાય, અને તે રીતે જોતાં પણ જી.પી.એકટની કલમઃ૧૩૧ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ ગણી શકાય.

આમ ઉપરોકત સમગ્ર કેસ લો તથા જીપીએકટની કલમ ૬૨,૬૬, ૭૨,૭૯, ૮૦ની સાથે સાથે સીઆરપીસીની કલમ ૪(૨)અને અનુસુચી ૧ પાર્ટ –૨ વંચાણે લેતા જી.પી.એકટની કલમઃ૧૩૧ મુજબનો ગુનો નોન કોગ્નીજેબલ હોવાનુ નિંવિવાદપણે ફલીત થાય છે, અને જયારે ગુનો નોન કોગ્નીજેબલ હોય ત્યાંરે આઈઓએ સીઆરપીસીની કલમ ૨(ડી) મુજબ લેખીત ફરીયાદ કરી સીઆરપીસીની કલમ ૧૫૫ (૨) મુજબ કોર્ટની પરવાનગીથી આગળની તપાસ કરવી જોઈએ જે હાથ પરના કેસમાં થયેલ જણાતુ નથી અને આઈઓએ સ્ટેટવે સીઆરપીસી કલમ ૧૫૪ મુજબનો પ્રથમ બાતમી અહેવાલ નોંધ આગળની તપાસ કરેલ હોય જે પ્રથમ દર્શનીય રીતે જ સમગ્ર કાયદાને દુષીત બનાવતી હોઈ અને કાયદાની આદેશાત્મક જોગવાઈઓ પાલન થયેલ ન હોય સદર કામ સીઆરપીસી કલમ ૧૫૫ (૨) થી સંપુર્ણ પણે બાધીત થવાનુ ફલીત થતુ હોય સબબ કામ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## હુકમ

સદરહુ કેસની કાર્યવાહી સીઆરપીસીની કલમ ૧૫૫(૨) થી બાધીત હોય ફરીયાદીને કાયદા મુજબના યોગ્ય પગલા લેવાની છુટ સાથે હાલની કાર્યવાહી સીઆરપીસી કલમ ૨૫૮ અંતર્ગત ડ્રોપ કરવાનો હુકમ કરુ છું. આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું હુકમ આજ રોજ તા.૧૧/૦૯/૨૦૨૧નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી ,સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
સ્થળઃઅમદાવાદ

(બરકતખાન એચ.ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં.જી.જે.૦૦૯૮૩